અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ
(અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫
પરત્વે પોલીસ ખાતાએ કરવાની કાર્યવાહી
અંગે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:અતહ-૧૦૯૫-સી.એમ-૩૧/૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ~~1 MAY 1999~~

ઠ. 17 JUN 1999

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો ભારત સરકારના તા. ૩૧-૩-૯૫ ના જાહેરનામા ક્રમાંક: જી.એસ.આર-૩(૧૬)(ઈ) થી અમલમાં આવેલ છે. આ નિયમોના પોલીસ કામગીરીને સબંધિતને નિયમ નં. ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૨(૧), ૧૨(૨), (૩), ૧૩(૨) તથા ૧૮ ની જોગવાઈઓને લક્ષમાં રાખીને તેના યોગ્ય અમલીકરણ માટે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

નિયમ: ૩:- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ ઉપરના અત્યાચારો અટકાવવા માટે.

(૧) જ્યાં અત્યાચાર થવાની શકયતા હોય અથવા તેવું માનવાને કારણે હોય તેવા અથવા આ અધિનિયમ હેઠળના ગુના વારંવાર થવાની દહેશત હોય તેવા વિસ્તાર પાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અનુસૂચિત જાતિ/જનજાતિએ રાજ્યમાં નક્કી કરવા.

(૨) અત્યાચારની શકયતાવાળા મુકરર કરેલા/વિસ્તારની પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે નિયમિત મુલાકાત લઈને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું પુનર્વિલોકન કરવું:

(૩) જ્યારે જરુરી જણાય ત્યારે આવા મુકરર કરેલા વિસ્તારમાં અનુ.જાતિ અથવા અનુ.આદિજાતિના સભ્યો તેમના નજીકના સગા, નોકરો અથવા કર્મચારીઓ અને ઈષ્ટ મિત્રો ન હોય તેવી વ્યક્તિઓના શસ્ત્રોના લાઈસન્સો રદ કરવા તથા શસ્ત્રો સરકારી શસ્ત્રાગારમાં જમા કરાવવા અંગે પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે સરકારને દરખાસ્ત કરીને સરકારની પરવાનગીથી તે અંગેની કાર્યવાહી કરવી.

..૨..

(૪) તમામ ગેરકાયદેસરનો દારુગોળો કબજે લેવો અને દારુગોળાની કોઈપણ ગેર-કાયદેસર બનાવટ ઉપર પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ પ્રતિબંધ મુકી શકશે.

(૫) જાન માલની સલામતી સુનિશ્ચિત કરવા માટે જરુરી જણાય તો અનુ.જાતિ. અને અનુ.સૂચિત આદિજાતિના સભ્યોને શસ્ત્રોના લાઈસન્સો આપી શકાશે.

(૬) અનુ.જાતિ અને અનુ. આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની જોગવાઈઓના અમલ કરવામાં તેમજ પોલીસ કામગીરીના સુદૃઢ અમલ માટે પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને જરુરી લાગે તો તે અંગે ગૃહ વિભાગની પરવાનગીથી સમિતિ રચી શકાશે.

(૭) આ અધિનિયમની જોગવાઈઓ પૈકી પોલીસ કામગીરી માટે અસરકારક પગલાં સૂચવવા માટે પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ તકેદારી અને મોનિટરીંગ સમિતિ પણ સ્થાપી શકાશે.

(૮) પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓને જુદા જુદા કેન્દ્રીય અને રાજ્યાધિ નિયમનો અથવા તે હેઠળ કરેલા નિયમો, વિનિયમો, અને ઘડેલી યોજનાઓની જોગવાઈઓ હેઠળ તેમને મળી શકે તેવા તેમના હકો અને રક્ષણ સંબંધી શિક્ષણ આપવા માટે મુકરર કરેલા વિસ્તારમાં અથવા બીજા અમુક સ્થળોએ જાગૃતિ કેન્દ્રો સ્થાપી શકાશે અને વર્કશોપનું આયોજન કરી શકશે.

નિયમ:૪: ફોજદારી કામગીરીની દેખરેખ અને રીપોર્ટ સાદર કરવા બાબત.

૧. રાજ્ય સરકાર જિલ્લા મેજીસ્ટ્રેટની ભલામણ પરથી દરેક જિલ્લા માટે ખાસ ન્યાયાલયમાં કેસો ચલાવવા માટે પોતે જરુરી ગણે તેવા ઓછામાં ઓછા સાત વર્ષથી પ્રેકટીસ કરતા હોય તેવા પ્રતિષ્ઠિત સીનીયર એડવોકેટની એક પેનલ તૈયાર કરવી જોઈશે. તે જ રીતે ફોજદારી કરવાના નિયામકે ફોજદારી કરવાનો ઈન્ચાર્જ નિયામક સાથે વિચાર વિનિમય કરીને, ખાસ ન્યાયાલયમાં કેસો ચલાવવા માટે પોતે જરુરી ગણે તેટલા પબ્લિક પ્રોસીકયુટરોની એક પેનલ પણ નિર્દિષ્ટ કરવી જોઈશે. આ બંને પેનલો રાજ્યના રાજ્યપત્રમાં જાહેર કરવી જોઈશે અને તે ત્રણ વર્ષની મુદત માટે અમલમાં ચાલુ રહેશે.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટ અને ફોજદારી કામના નિયામકે / ફોજદારી ઈન્ચાર્જ નિયામકે અંગ્રેજી વર્ષમાં ઓછામાં ઓછા બે વખત જાન્યુઆરી અને જુલાઈ

..૩..

મહિનામાં એ રીતે નિર્દિષ્ટ કરેલા અથવા નિમેલા ખાસ પબ્લિક પ્રોસીક્યુટરની કામગીરીનું પુનર્વિલોકન કરવું જોઈએ. અને રાજ્યસરકારને રિપોર્ટ સાદર કરવો જોઈશે.

૩. રાજ્ય સરકારને એવી ખાતરી થાય અથવા તેને એમ માનવાને કારણ હોય કે એ રીતે નિમેલ અથવા નિર્દિષ્ટ કરેલા ખાસ પબ્લીક પ્રોસીક્યુટર કેસ પોતાના ઉત્તમ કાર્યશક્તિ અને યોગ્ય કાળજી અને સાવધાનીથી ચલાવેલ નથી. તો લેખિતમાં, કારણોની નોંધ કરીને તેનું નામ રદ કરશે.

૪. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને જિલ્લા સ્તરે ફોજદારી કામના ઈન-ચાર્જ અધિકારીએ અધિનિયમ હેઠળ રજીસ્ટર કરેલ કેસોની પરિસ્થિતિની સમીક્ષા કરવી જોઈશે.

અને ફોજદારી કામના નિયામક અને રાજ્ય સરકારને ત્યાર પછીના દરેક મહીનાની ૨૦ મી તારીખે અથવા તે પહેલાં માસિક રીપોટ સાદર કરવો જોઈએ. આ રિપોર્ટમાં દરેક કેસની તપાસ અને ફોજદારી કામ સંબંધમાં લીધેલ/લેવા ધારેલ પગલાં નિર્દિષ્ટ કરવા જોઈએ.

૫. પેટા નિયમ (૧) માં ગમે તેમજકૂર હોય તે છતાં, જિલ્લામેજીસ્ટ્રેટ અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ જરુરી જણાય તો અથવા અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિ તેમ ઈચ્છે તો, પોતે યોગ્ય ગણે તેટલી ફી ભરવામાં આવે, ખાસ ન્યાયાલયોમાં કેસ ચલાવવા માટે, પ્રતિષ્ઠિત સીનીયર એડવોકેટને રોકી શકશે.

ઉપરોક્ત નિયમ-૪ ની જોગવાઈ પૈકી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે જિલ્લા મેજીસ્ટ્રેટની ભલામણોને લક્ષમાં રાખીને પોલીસ ખાતાને લગતી કામગીરી કરવી જોઈએ.

નિયમ: ૫ : પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પોલીસ અધિકારીને માહિતી આપવા બાબત.

૧. આ અધિનિયમ હેઠળ કરેલ ગુના સંબંધી દરેક માહિતી, પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ અધિકારીને મૌખિક રીતે આપેલ હોય તો તેણે લખી લેવી જોઈએ અથવા પોતાના માર્ગદર્શન હેઠળ લખાવડાવી જોઈએ અને બાતમીદારોને તે વાંચી સંભળાવવી જોઈએ અને ઉપર જણાવ્યા પ્રમાણે લેખિતમાં આપેલી

..૪..

અથવા લખાવેલી દરેક માહિતી ઉપર તે આપનાર વ્યક્તિએ સહી કરવી જોઈએ અને તેના સાર, તે પોલીસ સ્ટેશનમાં રાખવાના ચોપડામાં નોંધાવો જોઈએ.

૨. ઉપર પેટા નિયમ(૧) હેઠળ એવી રીતે નોંધાયા પ્રમાણેની માહિતીની એક નકલ તરતજ બાતમી દારને આપવી જોઈએ.

૩. પેટા નિયમ (૧) માં ઉલ્લેખેલ માહિતી સોંપવાની પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીના પક્ષે ના પાડવાથી નારાજ થયેલી કોઈપણ વ્યક્તિ, આવી માહિતીનો સાર લેખિતમાં અને ટપાલથી, સંબંધિત પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને મોકલી શકશે જેઓ પોતે અથવા નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા તપાસ કર્યા પછી, સંબંધિત પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને નોંધવાની તે માહિતીનો સાર તે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવતા ચોપડામાં, નોંધવાનો લેખિતમાં હુકમ કરશે.

નિયમ:૬: અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અથવા બીજા કોઈપણ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીને કોઈપણ વ્યક્તિ પાસેથી અથવા પોતાની જાણકારી મુજબ એવી માહિતી મળે કે પોતાની હકૂમતની અંદર, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના સભ્યો ઉપર અત્યાચાર કરવામાં આવ્યો છે ત્યારે, તેણે તરત જ જાતે, અત્યાચારનું પ્રમાણ જાનહાનિ મિલકતને હાનિ અને નુકસાનની આકારણી કરવા માટે ઘટના સ્થળની મુલાકાત લેવી જોઈએ. અને તરત જ રાજ્ય સરકારને તેનો રિપોર્ટ સાદર કરવો જોઈએ.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અથવા બીજા કોઈપણ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે સ્થળ વિસ્તારની તપાસ કર્યા પછી સ્થળ ઉપર જ :

(૧) ભોગ બનેલાઓની, તેમના કુટુંબના સભ્યોની અને રાહત માટેના હકદાર આશ્રિતોની યાદી તૈયાર કરવી જોઈએ;

(૨) અત્યાચારથી હાનિ થઈ છે અને ભોગ બનેલાઓની મિલકતને કેટલી હાનિ અથવા નુકસાન થયું છે તેનો વિગતવાર રિપોર્ટ તૈયાર કરવો જોઈએ.

..૬..

(૩) વિસ્તારમાં ખાસ પોલીસ પટાલાગ કરવા માટે હુકમ કરવો જોઈશે.

(૪) ભોગ બનેલાઓની સાક્ષીઓ અને સહાનુભૂતિ ધરાવનારાઓને રક્ષણ પુરું પાડવા માટે અસરકારક અનેજરુરી પગલાં લેવા જોઈશે.

૫. ભોગ બનેલી વ્યક્તિઓને તાત્કાલિક રાહત આપવી જોઈશે.

નિયમ:૭ તપાસ અધિકારી દ્વારા આ અધિનિયમ હેઠળ થયેલ ગુનાની તપાસ.

૧. નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીએ કરવી જોઈશે, રાજ્ય સરકાર/ ડીરેકટર જનરલ ઓફ પોલીસ/ પોલીસ સુપરીન્ટેન્ડન્ટે તપાસ અધિકારીની તેના અગાઉના અનુભવને કાર્યદક્ષતા બાબતે, કેસના પક્ષકારોને ન્યાય મળે તેને અને શકય તેટલા ઓછા સમયમાં સાચી રીતે તપાસ કરવાને ધ્યાનમાં લીધા પછી, નિમણુંક કરવી જોઈશે.

૨. પેટા- નિયમ (૧) હેઠળ આવી રીતે નીમાયેલ તપાસ અધિકારીએ, ત્રીસ દિવસની અંદર ટોચ- અગ્રતાના ધોરણે તપાસ પૂરી કરવી જોઈશે અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટને તેનો રિપોર્ટ સાદર કરવો જોઈશે. જેઓ તરત જ રાજ્ય સરકાર ના ડીરેકટર જનરલ ઓફ પોલીસને તેનો રીપોર્ટ મોકલશે.

૩. રાજ્ય સરકારના ગૃહ સચિવ અને સમાજ કલ્યાણ સચિવ, ફોજદારી કામના નિયામક/ ફોજદારી કામના ઈનચાર્જ અધિકારી અને ડીરેકટર જનરલ ઓફ પોલીસ તપાસ અધિકારીએ કરેલ તમામ તપાસની પરિસ્થિતિની દરેક ત્રિમાસના અંતે સમીક્ષા કરશે.

નિયમ :૮: અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ રક્ષણ સેલની સ્થાપના કરવા અંગે.

૧. રાજ્ય સરકારે રાજ્યના મુખ્ય મથકે ડીરેકટર જનરલ ઓફ પોલીસ/ ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસના ચાર્જ હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત XX આદિજાતિ રક્ષણ સેલ સ્થાપવું જોઈશે. આ સેલ નીચેના માટે જવાબદાર રહેશે.

૧) મુકરર વિસ્તારના સરવે હાથ ધરવાની

૨) મુકરર વિસ્તારમાં જાહેર વ્યવસ્થા અને સુલેહશાંતિ જાળવવાની.

૩) મુકરર વિસ્તારમાં ખાસ પોલીસ દળની અથવા ખાસ પોલીસ થાણાંની સંસ્થા ગોઠવવા માટે રાજ્ય સરકારે ભલામણ કરવા.

૪) અધિનિયમ હેઠળ ગુના તરફ દોરતાં સંભવિત કારણો વિષે તપાસ કરવી.

૫) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યોમાં સલામતીની લાગણી પુનઃ સ્થાપિત કરવા:

૬) મુકરર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વિશે મધ્યવર્તી અધિકારી અને ખાસ અધિકારીને જાણ કરવા.

૭) જુદા જુદા અધિકારીઓએ કરેલતપાસ અને સ્થળ પરની તપાસ અંગે પૂછપરછ કરવી.

૮) જે કેસોમાં પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ માં અધિકારીએ, નિયમ-૫ ના પેટા વિભાગ (૩) હેઠળ તે પોલીસ સ્ટેશન/રાખવામાં આવતા ચોપડામાં માહિતી નોંધવાની ના પાડી હોય તે કેસોમાં પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે લીધેલ પગલાં વિષે પૂછપરછ કરવી.

૯) રાજ્ય સેવકે જાણી બુઝીને દાખવેલ બેદરકારી વિષે પૂછપરછ કરવા.

૧૦) અધિનિયમ હેઠળ રજીસ્ટર થયેલા કેસોની સ્થિતિનું પુનર્વિલોકન કરવા અને

૧૧) દરેક પછીના મહિનાની ૨૦ મી તારીખે અથવા તે પહેલાં ઉપરનાં સંબંધમાં લીધેલ/ લેવા ધારેલ પગલાં વિશે રાજ્ય સરકારને મધ્યવર્તી અધિકારીને માસિક રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.

નિયમ-૧૨ જિલ્લા વહીવટ તંત્રને લેવાના પગલાં:

૧. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટે જ્યાં અત્યાચાર થયો હોય તે સ્થળની અથવા વિસ્તારની જાનહાનિ અને મિલકતને થયેલ નુકશાનની આકારણી કરવા અને તેવી ભોગ બનેલ વ્યક્તિઓની, તેમના કુટુંબના સભ્યોની અને રાહત માટે હકદાર હોય તેવા આશ્રિતોની યાદી તૈયાર કરવા માટે મુલાકાત લેવી જોઇએ:

૨. પોલીસ સુપરીન્ટેન્ડન્ટે, સંબંધિત પોલીસ સ્ટેશનના ચોપડામાં પ્રથમ માહિતી રિપોર્ટ (એફ.આઈ.આર) રજીસ્ટર થયેલ છે અને આરોપીઓની ધરપકડ કરવા માટેના અસરકારક પગલાં લીધા છેતેની ખાતરી કરવી જોઇએ.

૩. પોલીસ સુપરીન્ટેન્ડન્ટે સ્થળ તપાસ કર્યા પછી, તાત્કાલિક અને અન્વેષણ અધિકારીની નિમણુંક કરવી જોઇએ અને તે વિસ્તારમાં પોલીસ દળની ગોઠવણ કરવી જોઇએ અને તેને યોગ્ય અને જરુરી લાગે તેવા નિવારક પગલાં લેવા જોઇએ.

નિયમ: ૧૭: અત્યાચારોને લગતુ કામ પુરુ કરવા માટે અધિકારીઓ અને બીજા સ્ટાફના સભ્યોની પસંદગી.

૧. રાજ્ય સરકારે એવી ખાતરી કરવી જોઈએ કે અત્યાચાર થયો હોય તે વિસ્તારમાં નીમવાની વહીવટી અધિકારીઓ અને બીજા સ્ટાફના સભ્યો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓની સમસ્યાનો સાચો અભિગમ અને સમજ છે. અને

૨. રાજ્ય સરકારે એવી પણ ખાતરી કરવી જોઈશે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓને વહીવટમાં અને પોલીસ દળમાં તમામ સ્તરે, ખાસ કરીને પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશનમાં પૂરતું પ્રતિનિધિત્વ છે.

નિયમ:૧૮: વાર્ષિક રીપોર્ટ માટેની બાબતો:

રાજ્ય સરકારે દરેક વર્ષ, ૩૧ મી માર્ચ પહેલાં અગાઉના અંગ્રેજી વર્ષ દરમ્યાન આ અધિનિયમની જોગવાઈઓના અને તેની રુએ ઘડેલ યોજનાઓ/ કાર્યક્રમોના અમલ કરવા માટે લીધેલ પગલાં સંબંધેના રીપોર્ટ કેન્દ્ર સરકારને મોકલવાનો હોવાથી પોલીસ કામગીરી માટે લેવાયેલ પગલાં સંબંધેની માહિતી સંબંધિત પોલીસ સુપ્રિન્ટે... ગૃહ વિભાગને નિયમીત/ સમયસર મોકલી આપવી.

અનુ.સૂચિત જાતિ અને અનુ. આદિજાતિ ( અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ ની ગૃહ વિભાગને સંબંધિત ઉપરોક્ત જોગવાઈઓનું ચુસ્ત પાલન કરીને રાજ્યમાં અનુ. સૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ પરના અત્યાચારો સદંતર અટકાવવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યને ખાસ અનુરોધ કરવામાં આવે છે.

(સહી) વિ. એન. ચૌહાણ

( વિ.એન. ચૌહાણ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અનુ.જાતિ/ જનજાતિ, અમદાવાદ.
૩. સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
૪. સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ,
૫. સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
૬. સમાજ કલ્યાણ વિભાગ, / આદિજાતિ વિકાસ વિભાગ,
૭. ગૃહ વિભાગની સર્વે શાખાઓ,
૮. સીલેક્ટ ફાઈલ/ મદદનીશ સિલેક્ટ ફાઈલ.

પટેલ/સ્ટે